# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date: 21-02-2025 Day: FRIDAY Morning: 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર કલ્પના શાહ વાંચે છે.

---

## અંદાજપત્ર-1

વિકસિત ગુજરાત ૨૦૪૭ની નેમસાથે ગઈકાલે રાજ્યના નાણામંત્રી કનુ દેસાઇએ વિધાનસભામાં ત્રણ લાખ 70 હજાર 250 કરોડનું બજેટ રજૂ કર્યુ હતું. બે નવા ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ-વે નમોશક્તિ એક્સપ્રેસ-વે તથા સોમનાથ-દ્વારકા એક્સપ્રેસ-વે અને 12 નવા હાઈસ્પીડ કોરિડોર વિકસાવાની પણ જાહેરાત કરાઇ છે. પાછલા વર્ષની સરખામણીમાં 37 હજાર 785 કરોડના આ વધારા સાથે રજૂ થયેલા આ બજેટમાં 50 હજાર કરોડના વિકસિત ગુજરાત ફંડની જોગવાઇ કરવામાં આવી છે.

આ ઉપરાંત ગુજરાત રાજ્ય ઇન્સ્ટિટ્યુટ ફોર ટ્રાન્સફરોર્મેશન ગ્રીટની સ્થાપના કરવામાં આવી છે. ગુજરાતને વિકસિત અને સમૃધ્ધ બનાવવા માટે સુરત ઇકોનોમિક રિજીયનની જેમ કચ્છ સહિત અમદાવાદ,રાજકોટ,વડોદરા,સૌરાષ્ટ્ર ક્ષેત્રનો આર્થિક વિકાસ કરાશે. આ ઉપરાંત ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિના વિકાસ, જ્ઞાન પર ધ્યાન કેન્દ્રિત કરાયુ છે..

અંદાજપત્રમાં સૌથી વધુ 59 હજાર 999 કરોડ રૂપિયાની જોગવાઇ કરીને રાજ્યના શિક્ષણને વધુ સક્ષમ બનાવાનો પ્રયાસ કરાયો છે.

-----------------------------------------------------------------------

# અંદાજપત્ર -2

રાજ્યમાં 2025ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવીને અને તેને વિશ્વસ્તરીય બનાવવાના હેતુસર શહેરી વિકાસના બજેટમાં 40 ટકાનો વધારો, નવી મહાનગરપાલિકાઓના માળખાકીય વિકાસ માટે નાણાંકીય ફાળવણી પણ કરવામાં આવી હોવાની જાહેરાત નાણામંત્રીએ કરી હતી.

આ ઉપરાંત ગરીબોને આવાસમાટે પીએમ આવાસ સહિતની વિવિધ ગ્રામીણમાં અપાતી સહાય પચાસ હજારથી વધારીને એક લાખ સિત્તેર હજાર રૂપિયા કરાઈ છે.બાળકોના પોષણ માટે 8460 કરોડ રૂપિયાનું બજેટ ફાળવાયું છે. આ ઉપરાંત કૃષિ ક્ષેત્ર માટે એક હજાર 612 કરોડ બજેટમાં ફાળવવાને રાજ્યના ખેડૂતોને આર્થિક રીતે પગભર બનાવવાના સરકારના પ્રયાસને વધુ વેગ મળશે.

નારીશક્તિના સશક્તિકરણ અને આત્મનિર્ભરતા માટે નવી મહત્વપૂર્ણ યોજના 'સખી સાહસ યોજના'ની જાહેરાત કરી હતી. આયોજનાથી સ્વ-સહાય જૂથની બહેનોને આ યોજનામાં સાધન સહાય, લોન ગેરંટી વગેરે માટે રાજ્ય સરકાર મદદરૂપ થશે.

આ અંદાજપત્રમાં નવી જાહેરાત પણ કરવામાં આવી છે.

જેમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત 21 ટકાનો વધારો કરાયો. ઉપરાંત આદિજાતિ સમુદાય માટે ન્યૂ ગુજરાત પૅટર્ન યોજના માટે 37 ટકાનો વધારો કરી એક હજાર 100 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

દિવ્યાંગ સંત સૂરદાસ યોજના હેઠળ 80 ટકાની જગ્યાએ 60 ટકાથી વધુ દિવ્યાંગતા ધરાવતા 85 હજારથી વધુ દિવ્યાંગજનોને 12 હજાર રૂપિયાની સહાય મળશે.

---

## અંદાજપત્ર – કચ્છ જાહેરાત

રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈએ રજૂ કરેલા અંદાજપત્રમાં કચ્છને લગતી વિવિધ જાહેરાતો કરવામાં આવી છે.

ભુજ-નખત્રાણા ચાર માર્ગીય હાઈસ્પિડ કોરીડોરની કામગીરી માટે 937 કરોડ રૂપિયાની જોગવાઈ કરાઈ છે. તો અન્ય ૪ જીલ્લાઓની સાથે કચ્છમાં પણ મેગા ફૂડ પાર્કનું નિર્માણ કરાશે. કચ્છના ચાડવા રખાલ ખાતે હેણોતરો બ્રિડિંગ સેન્ટર બનાવવામાં આવશે તેવી જાહેરાત પણ નાણામંત્રીએ કરી છે.

આ ઉપરાંત, સૌરાષ્ટ્ર તથા કચ્છ શાખા નહેરના પમ્પિંગ સ્ટેશન તથા હાઈડ્રો પાવર સ્ટેશન પર કુલ 14 જગ્યા પર સોલાર પ્રોજેક્ટ માટે 300 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

---

## જોખમી સગર્ભાના ચિહ્નોમાં વધુ સાત માપદંડો ઉમેરાયા

રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા અતિ જોખમી સગર્ભાના ચિહ્નોમાં વધુ સાત માપદંડો ઉમેરવામાં આવ્યા છે. જેને પગલે સગર્ભવસ્થા દરમિયાન ૪૫ વર્ષથી વધુ ઉંમર, એઇડ્સ, સગર્ભાવસ્થા દરમિયાન મધુપ્રમેહ સહિત સાત જેટલા ચિહ્નો અતિ જોખમી સગર્ભા યોજનાની સહાય માટે નક્કી કરતો ઠરાવ કરવામાં આવ્યો છે.

અતિ ગંભીર ચિહ્નો ધરાવતી સગર્ભાઓમા પ્રસૂતિ દરમિયાન જોખમની શક્યતા વધી જતી હોય છે. આવી બહેનોને પહેલાથી ઓળખી તેઓની પ્રસૂતિ જિલ્લા હોસ્પિટલ અને મેડિકલ હોસ્પિટલ ખાતે સુનિશ્ચિત કરવાની યોજના અમલમાં છે.

આ યોજના હેઠળ અતિ જોખમી પ્રસૂતિમાં લાભાર્થી સગર્ભા માતાને રૂ.૧૫૦૦૦ સહાય ચૂકવવામાં આવતી હોય છે. આ લાભ માટે આરોગ્ય વિભાગ દ્વારા નક્કી કરેલી હોસ્પિટલમાં સાત દિવસ સુધી સારવાર મેળવવી જરૂરી છે.

આ યોજનાનો લાભ મેળવવા માટે અગાઉ ૧૨ જેટલા માપદંડો નક્કી થયા હતા તેમાં વધુ ૭ માપ દંડો (ચિહ્નો) ઉમેરતો ઠરાવ રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવ્યો છે. રાજ્યમાં પ્રસૃતિ દરમિયાન માતા અને બાળક બંને સુરક્ષિત રહે તેની વિશિષ્ટ દરકાર રાજ્ય સરકારનો આરોગ્ય વિભાગ લઈ રહ્યો છે.

-----------------------------------------------------------------------------------

## વિશ્વ માતૃભાષા દિવસ

આજે વિશ્વ માતૃભાષા દિવસ ઉજવણી કરાઈ રહી છે. જે અંતર્ગત આજે ભુજ ખાતે સંસ્કૃત ભારતી કચ્છ દ્વારા સંસ્કૃત અધ્યન કેન્દ્ર નું ભુમીપુજન કરવામાં આવશે. આ ઉપરાંત જીલ્લા માં ઠેર ઠેર શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાશે.

-------------------------------------------------------------------------------

## ક્રિકેટ

ભારતે બાંગ્લાદેશ ને 6 વિકેટ થી હરાવી ચેમ્પિયન્સ ટ્રોફી ક્રિકેટ ટુર્નામેન્ટ નાં અભિયાન નો વી વિજયી પ્રારંભ કર્યો હતો દુબઈ ખાતે ની પ્રથમ મેચ માં બંગલા દેશ ની ટીમ 228 રન માં આઉટ થઈ ગઈ હતી ભારતીય ટીમે 4 વિકેટ ગુમાવી 231 રન કરી મેચ જીતી લીધી હતી ભારત નાં ઓપનિંગ ખેલાડી શુભ મન ગિલે 125 બોલ માં સદી નોંધાવી અણનમ રહ્યા હતા, મહંમદ શમી એ બંગલાદેશ ની 5 વિકેટ ઝડપી હતી.

-----------------------------------------------------------------------------------